નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧

આંગણવાડી વર્કર અને તેડાગરને ગુજરાત પોષણ અભિયાનને સુદઢ કરવા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત પોષણ ત્રિવેણી પ્રોત્સાહક પુરસ્કાર માટે વહીવટી મંજુરી

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૦/૯૩/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૭-૦૬-૨૦૨૦

સંદર્ભઃ-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૯/૧/૨૦૨૦ નો પત્ર ક્રમાંકઃ વહટ-૧૦/આઇસીડીએસ/નવી બાબત/૬૯૨૭૯/૨૦૨૦

ઠરાવઃ-

"ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨" અંતર્ગત બાળકો, કિશોરીઓ અને માતાઓના પોષણ સ્તરમાં વધારો કરવાના હેતુથી આ નવા વર્ષે આંગણવાડી કાર્યકર, તેડાગર, આશા વર્કર, એ.એન.એમ. ને પ્રોત્સાહિત કરવા માટે પોષણ ત્રિવેણી પ્રોત્સાહન પુરસ્કાર આપવા માટેની વ્યુહરચના નક્કી કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ આંગણવાડી કાર્યકર, તેડાગર, આશા વર્કર, અને એ.એન.એમ. તેઓના નિયંત્રણ હેઠળની આંગણવાડીઓમાં ૧૦૦% સુપોષિત આંગણવાડીની સિધ્ધિ હાંસલ કરે તો વર્ષ દરમ્યાન આ પુરસ્કાર આપવામાં આવશે. સંદર્ભ (૧) થી પોષણ ત્રિવેણી પ્રોત્સાહક પુરસ્કાર માટે કુલ રૂ. ૭૫૦.૦૦ લાખની જોગવાઇ માટેની વર્ષ ૨૦૨૦-૨૧ નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

આંગણવાડી વર્કર અને તેડાગરને ગુજરાત પોષણ અભિયાનને સુદઢ કરવા ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦-૨૨ અંતર્ગત આંગણવાડી કાર્યકરને રૂ.૧૨,૦૦૦/-, તેડાગરને રૂ.૬,૦૦૦/-, આશા વર્કરને રૂ.૧૨,૦૦૦/- અને. એ.એન.એમ ને રૂ.૧૨,૦૦૦/- ની ટીમ જો સારી કામગીરી કરી વર્ષને અંતે નક્કી કરેલ લક્ષ્યાંકો સિધ્ધ કરે તો તેઓને પ્રોત્સાહન રૂપે પોષણ ત્રિવેણી પ્રોત્સાહક પુરસ્કાર માટે રૂ. ૭૫૦.૦૦ લાખ (રૂપિયા સાત સો પચાસ લાખ પૂરા) ની બજેટ જોગવાઈમાંથી નીચેની વિગતે ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આઇ.ટી. સબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ વિભાગની વખતો વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૧૨) આ યોજનાનો અમલ તા,૧/૪/૨૦૨૦ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૧૦૬ |
| મુખ્ય સદર | : | ૨૨૩૬-પોષણ |
| પેટા મુખ્યસદર | : | (૦૨) પોષણ, ખાધ અને પીણાંની વહેંચણી |
| ગૌણ સદર | : | ૮૦૦ અન્ય ખર્ચ |
| પેટા સદર | : | ૧૯ મીશન બલમ સુખમ – આઇ.સી.ડી.એસ. મિશન |

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૯/૬/૨૦૨૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીનાં ખાસ ફરજ પરનાં અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન. મંત્રીશ્રી, (મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૩) માન.રા.ક.મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
(૪) માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૫) અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૬) સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૮) સચિવશ્રી (આયોજન)ના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૯) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૧૦) નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૧૧) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .............
(૧૨) સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ............
(૧૩) વિભાગીય નાયબ નિયામકશ્રી (અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત)
(૧૪) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), જિલ્લા પંચાયત કચેરી, જિ. ..........

(૧૫) સર્વે પ્રોગ્રામ ઓધિકારીશ્રી (આઇસીડીએસ), મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુ.કો. ...........

(૧૬) નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ, સચિવાલય, ગાંધીનગર

(૧૭) એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ

(૧૮) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર

(૧૯) નિવાસી ઓડિટ અધિકરીશ્રીની કચેરી, ગાંધીનગર

(૨૦) તિજોરી અધિકારીશ્રી, તિજોરી અદિકારીશ્રીની કચેરી, જિલ્લા પંચાયત તમામ

(૨૧) સિસ્ટમ મેનેજર- વેબસાઇટ ઉપર મુકવા સારૂ

(૨૨) સિલેક્ટ ફાઇલ